ગૃહરક્ષક દળના જવાનોને ચૂકવવામાં આવતા
ફરજ ભથ્થાના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૧૨/મં-૧/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬-૦૯-૨૦૧૨.

વંચાણે લીધાઃ-
(૧) ગૃહ વિભાગનો તા. ૧૧.૧૨.૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૨/મં-૧/ફ
(૨) ગૃહ વિભાગનો તા. ૨૧.૧૨.૧૯૯૬નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૯૨/ભા.સ.૧૩૭/ફ
(૩) ગૃહ વિભાગનો તા. ૦૧.૦૯.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૨/ભા.સ. ૫૯/ફ
(૪) ગૃહ વિભાગનો તા. ૦૧.૦૯.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૧/૨૭૩૮/ફ
(૫) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૦૫-૦૯-૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ કજ/વહટ/૧૧૦૪/૩૬૦૧/૨૦૧૨

**ઠરાવઃ**

હોમગાર્ડઝ દળ રાજ્ય પોલીસના પૂરક દળ તરીકે કામગીરી બજાવે છે. જેમાં રોજબરોજની કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ગુન્હા નિવારણ, ટ્રાફિક નિયમન, સરકારી/જાહેર માલમિલકતની સલામતી, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં વહીવટી તંત્રને સહાયની કામગીરીમાં હોમગાર્ડ દળ અગત્યનું પુરકદળ બની રહે છે.

હોમગાર્ડઝ જવાનોની પોલીસના પુરકદળ તરીકેની કામગીરી લક્ષમાં લેતાં હોમગાર્ડઝ જવાનને ચૂકવવામાં આવતાં દૈનિક ભથ્થાં, અન્ય ભથ્થાઓ તથા અન્ય લાભો આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. હોમગાર્ડઝ જવાનોની કાર્યક્ષમતામાં વધારો થાય તથા તેઓ વધારે નિષ્ઠાપૂર્વક તેમની ફરજો બજાવે તેમજ તેમના નૈતિક જુસ્સા(**Morale Boosting**) નો હેતુ લક્ષમાં રાખી રાજ્ય સરકારે હોમગાર્ડના જવાનોને નીચે મુજબ દૈનિક વેતન/ ભથ્થા આપવાનો/વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક ફરજ ભથ્થું | રૂ.૮૦/- (રૂપિયા એંશી) | રૂ.૨૦૦/- (રૂપિયા બસો) |
| તાલીમ સમય | ---- શુન્ય------ | તાલીમ દરમ્યાન દૈનિક ફરજ ભથ્થા જેટલી રકમ તાલીમ ભથ્થા તરીકે મળવાપાત્ર થશે. |
| મેસીંગ ભથ્થું | દૈનિક રૂ. ૧૬/-(રૂપિયા સોળ) | દૈનિક રૂ. ૧૦૦/- (રૂપિયા એકસો) |
| પરેડ ભથ્થું | પરેડ દીઠ રૂ. ૧૪/- (રૂપિયા ચૌદ) | પરેડ દીઠ રૂ. ૪૦/-(રૂપિયા ચાલીસ) સભ્યદીઠ અઢી કલાકની પરેડ માટે રૂ. ૪૦/- અથવા સભ્યદીઠ દરરોજ તેટલા સમયની બે કે તેથી વધુ પરેડો માટે રૂ.૮૦/-(રૂપિયા એંસી) |

| | | |
|---|---|---|
| ગણવેશ | દર ચાર વર્ષે બે જોડી ટેરીકોટન ગણવેશ | દર બે વર્ષે બે જોડી ટેરીકોટન ગણવેશ (૨.૭૫ મીટર અને રૂ. ૬૦/- પ્રતિ મીટર લેખે) |
| ગણવેશ ધોલાઇ ભથ્થુ | માસિક રૂ. ૨૫/- (રૂપિયા પચીસ) | હોમગાર્ડના જવાનો તાલીમ કે ફરજ પર હોય તે સમયગાળા માટે પ્રતિદિન રૂ.૪/- (રૂપિયા ચાર) લેખે |

૨. આ ઠરાવ આ વિભાગના તા.૧૫.૦૩.૧૯૮૩ તેમજ તા. ૧૩.૧૧.૧૯૮૪ના ઠરાવ ક્રમાંક હગદ/૧૦૮૧/૪૦૪૮/ફ અને તા. ૨૧.૧૨.૧૯૯૬ના ઠરાવ ક્રમાંક હગદ/૧૦૯૨/ભા.સ.૧૩૭/ફ થી નિયત થયેલ અન્ય સુચનાઓ/શરતોને આધિન રહેશે.

૩. આ અંગેનો ખર્ચ પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમો મુજબ ભારત સરકાર પાસેથી મજરે મેળવવાની જવાબદારી કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્યની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૬, મુખ્ય સદર-૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ-૧૦૭(૧) ગૃહરક્ષક દળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવનો અમલ તા.૦૧.૦૯.૨૦૧૨થી કરવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫.૦૯.૨૦૧૨ અને તા. ૨૪.૦૯.૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ/ઓડીટ-૨, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર/વડોદરા.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી.
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય. ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.